# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા: ૨૫/૦૨/૨૦૨૪

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સના મિશન ૮૪ પ્રોજેક્ટ અંતર્ગત 'ગતિ શક્તિ અને એક્ઝિમ પ્રોસેસ ડિજીટલાઈઝેશન' અંગે સેમિનાર યોજાયો

## પીએમ ગતિશક્તિ લોન્ચ થયા બાદ લોજિસ્ટિક ખર્ચ માત્ર જીડીપીના ૭.૮ ટકા રહ્યો છે : ચેમ્બર પ્રમુખ રમેશ વઘાસિયા

### યુલિપ થકી મેન્યુફેક્ચરર્સ, ઈ-કોમર્સ, ટ્રાન્સપોર્ટર્સ અને લોજિસ્ટિક સર્વિસ પ્રોવાઈડર્સ તેમના કન્ટેનરની રિયલ ટાઈમ લોકેશન મેળવી શકે છે : NICDC લોજીસ્ટિક્સ ડેટા સર્વિસના બિઝનેસ ડેવલપમેન્ટ મેનેજર અંશુમન પટ્ટનાયક

### ભારતમાં પર્ચેસ ઓર્ડરથી માંડીને ઓર્ડર ઈમ્પોર્ટરને મળે ત્યાં સુધીની એક્ઝિમ પ્રોસેસ ૯૯ ટકા મેન્યુઅલ છે, માત્ર ૧ ટકા જેટલી ડિજિટલાઈઝ છે : TreZix સોફ્ટવેર પ્રા.લિ.ના સહ-સંસ્થાપક હરેશ કલકત્તાવાલા

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન ૮૪ અંતર્ગત શનિવાર, તા. ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ, સાંજે ૫:૦૦ કલાકે ' સેમિનાર હોલ– એ, સુરત ઇન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા, સુરત ખાતે ગતિ શક્તિ અને એક્ઝિમ પ્રોસેસ ડિજીટલાઈઝેશન' અંગે સેમિનાર યોજાયો હતો. જેમાં NICDC લોજીસ્ટિક્સ ડેટા સર્વિસના બિઝનેસ ડેવલપમેન્ટ મેનેજર અંશુમન પટ્ટનાયક અને TreZix સોફ્ટવેર પ્રા.લિ.ના સહ-સંસ્થાપક હરેશ કલકત્તાવાલાએ ઉદ્યોગ સાહસિકોને ભારતીય પ્રોડક્ટના નિર્યાતની પ્રક્રિયામાં આવેલા ફેરફાર અને સરળ આયાત-નિર્યાત પ્રક્રિયા અંગે માહિતી આપી હતી. સેમિનારમાં ઈજિપ્ત ખાતેના ભારતીય રાજદૂત નિવેથા ઓનલાઈન જોડાયા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, 'અગાઉ જ્યારે વિશ્વના અન્ય દેશોનો લોજિસ્ટિક ખર્ચ કુલ જીડીપીના ૮ થી ૧૦ ટકા હતો, ત્યારે ભારતનો લોજિસ્ટિક ખર્ચ ૧૪ ટકા હતો. પરંતુ પીએમ ગતિશક્તિ લોન્ચ થયા બાદ લોજિસ્ટિક ખર્ચ માત્ર જીડીપીના ૭. ૮ ટકા રહ્યો છે. વિશ્વના અન્ય દેશો જળમાર્ગનો ઉપયોગ કરીને એક્ષ્પોર્ટ વધુ કરે છે. યુ.એસ.એ. દ્વારા ૧૬.૯ ટકા અને જાપાન દ્વારા ૯૯ ટકા ગુડ્સ ટ્રાન્સપોર્ટેશન જળમાર્ગ થકી કરે છે, જ્યારે ભારતના માત્ર ૨ ટકા જળમાર્ગ થકી ટ્રાન્સપોર્ટેશન કરે છે.'

તેમણે ટ્રાન્સપોર્ટેશનના અન્ય સાધનોની વાત કરતાં જણાવ્યું હતું કે, 'ભારતમાં કાર્ગો રિલીઝ સમયમાં ઘટાડો થયો છે. વર્ષ ૨૦૨૧માં ૧૦૭ કલાકનો સમય લાગતો હતો, જેમાં ઘટાડો થતાં વર્ષ ૨૦૨૩થી ૮૫ કલાકનો સમય લાગે છે. ભારતમાં લોજિસ્ટકના કુલ ટ્રાન્સપોર્ટેશનના ૭૧ ટકા લોજિસ્ટિક સડક માર્ગે થાય છે, જ્યારે રેલ્વે માર્ગે ૧૭.૫ ટકા લોજિસ્ટિકનું ટ્રાન્સપોર્ટેશન થાય છે.'

પીએમ ગતિશક્તિના કારણે દેશના વિવિધ સેક્ટરમાં લાખો રોજગાર નિર્માણ થયા છે. સાથે જ રિજીયોનલ ડેવલપમેન્ટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રહેલું અંતર ઓછું થયું છે. ભવિષ્યમાં નિર્માણ થનારા ૧૦૦ પીએમ ગતિશક્તિ કાર્ગો દેશની અર્થવ્યવસ્થામાં મહત્વનું યોગદાન આપશે તેમ તેમણે જણાવ્યું હતું. તેમણે વર્ષ ૨૦૨૨-૨૩માં સરકાર દ્વારા લોજિસ્ટિક ટ્રાન્સપોર્ટેશન માટે કરવામાં આવેલા કાર્યો વિશે માહિતી આપી હતી.

NICDC લોજીસ્ટિક્સ ડેટા સર્વિસના બિઝનેસ ડેવલપમેન્ટ મેનેજર અંશુમન પટ્ટનાયકે જણાવ્યું હતું કે, 'વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા નેશનલ લોજિસ્ટિક પોલિસી હેઠળ ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ યુનિફાઈડ લોજિસ્ટિક ઈન્ટરફેસ પ્લેટફોર્મ (ULIP) લોન્ચ કરવામાં આવ્યું હતું. જેના કારણે

નિર્યાતનો ખર્ચ ડબલ ડિજિટ સંખ્યામાંથી સિંગલ ડિજિટમાં આવ્યો છે. યુલિપ થકી નિર્યાતકારોને પોતાના પ્રોડક્ટના કન્ટેનરની ૧૦૦ ટકા ચોક્કસ માહિતી મળે છે. યુલિપ થકી મેન્યુફેક્ચરર્સ, ઈ-કોમર્સ, ટ્રાન્સપોર્ટર્સ અને લોજિસ્ટિક સર્વિસ પ્રોવાઈડર્સ તેમના કન્ટેનરની રિયલ ટાઈમ લોકેશન મેળવી શકે છે.'

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'યુલિપ હેઠળ નિર્યાતકારો રેલ્વે, માર્ગ, હવાઈમાર્ગે અને સમુદ્રમાર્ગે પણ પ્રોડક્ટની નિર્યાત કરી શકે છે. આ સાથે જ લાર્જ ઈન્ડસ્ટ્રીઝ, સ્ટાર્ટ-અપ્સ, FMCG, MSME's, CPSE/PSUs ના ઉદ્યોગ સાહસિકો ગ્રીન લોજિસ્ટિકનો ઉપયોગ કરી એક્ષ્પોર્ટના ખર્ચમાં ઘટાડો કરી શકે છે અને ગ્રીન લોજિસ્ટિકના કારણે કાર્બન ઉત્સર્જનમાં પણ ઘટાડો થશે.'

TreZix સોફ્ટવેર પ્રા.લિ.ના સહ-સંસ્થાપક હરેશ કલકત્તાવાલાએ જણાવ્યું હતું કે, 'એક્ષ્પોર્ટના ક્ષેત્રે પ્રોસેસ ખૂબ જ લાંબી હોવાના કારણે, કોમ્પ્લાયન્સ સંબંધિત સમસ્યાઓ અને મહત્વનો પ્રોબ્લેમ ટ્રેક અને ટ્રેસ હોવાનું નિર્યાતકારો માને છે. ભારતમાં પર્ચેસ ઓર્ડરથી માંડીને ઓર્ડર ઈમ્પોર્ટરને મળે ત્યાં સુધીની એક્ઝિમ પ્રોસેસ ૯૯ ટકા મેન્યુઅલ છે, માત્ર ૧ ટકા જેટલી ડિજિટલાઈઝ છે. તમામ પ્રોસેસ મેન્યુઅલ એટલે કે, એક્સલ, વર્ડ એન્ડ ઈ-મેલ થકી થાય છે.'

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'વિકસિત દેશોના ઉદ્યોગ સાહસિકોમાં અથવા ભારતીય સફળ ઉદ્યોગકારોમાં એક બાબત જોવા મળે છે તે હોય કે પરફેક્શન ધરાવતાં વ્યક્તિઓ પાસે જ કામ કરાવો. જેનું કામ છે તેને જ કરવા દો. બિઝનેસ કરતી વખતે ટેક્સ અને અન્ય બાબતોમાં પૈસા બચાવવા કરતાં પોતાના બિઝનેસને નવા આયામ સુધી લઈ જવાની દિશામાં ખર્ચ કરવો હંમેશા હિતાવહ રહે છે.'

ચેમ્બર ઓફ કોમર્સના તત્કાલિન પૂર્વ પ્રમુખ હિમાંશુ બોડાવાલાએ સેમિનારમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. માનદ્ ખજાનચી કિરણ ઠુમ્મર તથા ગૃપ ચેરમેનો અમિષ શાહ અને ભાવેશ ટેલર તેમજ ઉદ્યોગ સાહસિકો ઉપસ્થિત રહ્યા હતા. SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન ૮૪ના સીઈઓ પરેશ ભટ્ટે સમગ્ર સેમિનારનું સંચાલન કર્યું હતું. બંને નિષ્ણાંતોએ ઉદ્યોગ સાહસિકોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયું હતું.